# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૨૧/૧૨/૨૦૨૫ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):** સપ્તાહમાં વિવાહિત જીવનની સમસ્યાનું સમાધાન થાય. વિવાહલાયકને યોગ્ય પાત્ર મળે. નોકરી-ધંધામાં પ્રગતિ અને રોજની આવકમાં વધારો થાય. સમાજજીવનમાં માન વધે તેવાં કામ થાય. મિત્રોની મદદથી નવા કામની શરૂઆત થાય. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. કલા, સાહિત્ય, લેખન, કાયદા-કાનૂનમાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં ભાગ્યનો સાથ મળે. ધર્મ-કર્મથી શાંતિ મળે.



**વૃષભ (બ,વ,ઉ):** ચાલુ વીકમાં શત્રુઓ અને સહકર્મીઓથી સાવધાન રહેવું. જૂનાં દર્દો પરેશાન કરે. આંખની તકલીફ થઈ શકે છે. આગ અકસ્માતથી સાવધાન રહેવું. કાયદા કાનૂન બાબતે ચોક્કસ રહેવું. અપયશ મળી શકે છે. દાંપત્યજીવનમાં તાલમેળ રહે. સામાજિક મેળાવડામાં રોમેન્ટીક મુલાકાત થાય. લાંબી મુસાફરી ટાળવી. નોકરીમાં નવી તક મળે. તમારા કામની કદર ન થવાથી મન અશાંત રહેશે.



**મિથુન (ક,છ,ઘ):** ચાલુ વીકમાં યોગ્ય સમય યોગ્ય નિર્ણય લેવાથી લાભ થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. પ્રેમમાં સાથ મળે. પારિવારિક મેળાવડામાં જવાબદારી વધશે. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. આરોગ્ય નરમગરમ રહે. વિજાતિય આકર્ષણ વધશે. પ્રેમ સંબંધોમાં ગેરસમજ થાય. દાંપત્યમાં અસંતોષ વધશે. મોટી ઉંમરે વિધવા વિધુરના વિવાહની શક્યતા વધશે.



**કર્ક (ડ,હ):** ચાલુ વીકમાં નાણાંકીય લાભ ઉત્સાહ વધારશે. ઉપરી વર્ગનો સાથ મળે. સંપત્તિ- મિલકતના સોદા થઈ શકે છે. નવા મકાનની ઈચ્છા પૂર્ણ થાય. નોકરી-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. પ્રેમવિવાહની શક્યતા વધે. પ્રેમમાં સાથ મળે. શેર બજારમાં તક મળે. સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. માતા અને મોસાળ પક્ષ સાથે ઘર્ષણ થાય. વહીવટી કુશળતાનો લાભ મળે.



**સિંહ (મ,ટ):** સપ્તાહમાં મિત્રો મદદરૂપ બને. નવા ધંધા વેપારની તક મળે. નોકરીમાં જવાબદારી સાથે પ્રગતિ થાય. કોઈ હરીફાઈ કે ઈન્ટરવ્યુનું હકારાત્મક પરિણામ આવે. વારસાનાં કામ થાય. ઘરમાં સગવડ વધે. નવાં વાહન, મકાનની યોજના આગળ વધે. પ્રેમમાં ગેરસમજ થાય. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. લેખન, પ્રદર્શન, મુદ્રણ અને ટેકનોલોજીને લગતા કામમાં સફળતા.



**કન્યા (પ,ઠ,ણ):** ચાલુ વીકમાં ઉઘરાણી આવી શકે છે. કોઈ નવા રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહીં તેમજ વારસા, સંપત્તિ બાબતે વિવાદ કરવો નહીં. ખાણી-પીણી, મોજ-શોખ અને પારિવારિક ધંધામાં આર્થિક લાભ વધશે. નવા વેપારની તકમાં મિત્રો મદદરૂપ બનશે. કુટુંબ જીવનમાં અશાંતિ વધશે. વડીલોના આરોગ્યના ખર્ચા અને દોડધામ વધે. મન પર ભાર રહે.



**તુલા (ર,ત):** ચાલુ વીકમાં મનગમતા સ્થળનો પ્રવાસ થાય. લાંબા ગાળાનું આયોજન સફળ બને. રોમેન્ટીક અને રંગીન મનગમતી મુલાકાત થાય. આર્થિક બાબતે ચોક્કસ રોકાણ થાય. નોકરી ધંધામાં અનુકૂળતાથી શાંતિનો અનુભવ થાય. મોજશોખ, ખાણી-પીણી અને પારિવારિક ધંધામાં લાભ થાય. ભાઈ-બહેનો સાથે વિવાદ થાય. કલાક્ષેત્રે પ્રગતિ થાય. સાહસિક નિર્ણય લેવાનું બને. આવક વધારવાની યોજના બને.



**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ દરમિયાન અંગત જીવનમાં રસિક ઘટના ઘટશે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ગુપ્ત રોગોથી બચવું. લાગણી પર કાબૂ રાખવો. સમાજ સેવા અને સત્સંગમાં શાંતિ મળે. આવક વધારવાની યોજના બને. આરોગ્યના ખર્ચા વધે. જૂનાં દર્દો પરેશાન કરશે. વાહન પર કાબૂ રાખવો. બિનજરૂરી ખર્ચા વધશે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. પારિવારિક પ્રશ્નો સતાવે.



**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ દરમિયાન વાહન ચલાવવામાં ધીરજ રાખવી. આગ, અકસ્માત અને ચોર-લૂંટારુથી નુકસાન થઈ શકે છે. કુટુંબ-પરિવાર, સંતાન-નાનાં ભાઈ બહેન વગેરેના પ્રશ્ન અશાંતિ અને ખર્ચા વધારશે. અચાનક આવક વધશે. પડવા વાગવાથી સાવધાન રહેવું. ગુપ્ત શત્રુઓથી નુકસાન થઈ શકે છે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. અચાનક ભાગ્યનો સાથ મળે.



**મકર (ખ,જ):** ચાલુ વીકમાં નોકરી-ધંધામાં નવા સાહસમાં ધીરજ રાખવી. સંપત્તિના સોદા થઈ શકે છે. વડીલો-ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું. અચાનક તક સાથે જવાબદારી વધશે. સંતાનોની ચિંતા સતાવે. આર્થિક વ્યવહારમાં ધીરજ રાખવી. ગુપ્ત શત્રુઓ અને ચોર-લૂંટારુથી નુકસાન થઈ શકે છે. પોલીસ લફરાં થવાની શક્યતા. કોઈના જામીન થવું નહીં.



**કુંભ (ગ,સ,શ,ષ):** ચાલુ વીકમાં કુટુંબ પરિવારનાં કામ તથા સામાજિક મેળાવડામાં વ્યસ્ત રહેવાનું થાય. નોકરી-ધંધામાં સામાન્ય રહે. નવાં કામ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આર્થિક બાબતે ચોક્કસ બનશો. સમાજમાં યશ મળે. નવાં ઘર, વાહનના યોગ બને. ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. પ્રેમમાં ગેરસમજ થાય. પ્રામાણિક લોકોને તક મળે. હાથ પરનાં કામ સફળ બનશે.



**મીન (દ,ચ,ઝ,થ):** ચાલુ વીકમાં કાર્ય સફળતાનો અનુભવ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવે. વીલ, વારસાનાં કામ થાય. નોકરીમાં પ્રમોશન મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશ પ્રવાસ, ધાર્મિક યાત્રા અને ઉચ્ચ શિક્ષણને લાગતાં કામ પાર પડશે. જાહેર જીવનમાં સફળતા મળે. અટકેલાં કામ પાર પડશે. માતા-પિતાનો સાથ મળવાથી સામાજિક પ્રશ્નો હલ થાય. આવક વધે.

# ક્રિકેટર સ્મૃતિ મંધાના અને લગ્ન-ગંડાત તથા શકટ યોગ

વિશ્વવિજેતા મહિલા ટીમની ઉપ કપતાન સ્મૃતિ મંધાનાના જીવનમાં જે અપમાનિત ઘટના ઘટી તેનું કારણ આપણે જ્યોતિષની દૃષ્ટિએ સમજીએ. લગ્નની તમામ તૈયારી પછી અચાનક વિવાહ અટકવા એ એક ખૂબ જ પીડાદાયક ઘટના કહેવાય. જીવનમાં ક્યારે ન ભુલાય અને સતત પીડા આપતાં આ ઘાનું કારણ તેણીની પ્રાપ્ત કુંડલીમાં સાફ દેખાય છે.

તેણીનું મીન લગ્ન છવીસ અંશ ઉપરનું રેવતી નક્ષત્રના ચોથા ચરણનું છે, જે શાસ્ત્રોમાં એક અશુભ યોગ માનવામાં આવે છે. જો કે અશુભ કરતાં તે જાતકના પૂર્વજન્મનાં કર્મોનું નિર્દેશન કરે છે અને જાતકને તે પ્રમાણે જીવવા મજબૂર કરે છે. મોટા ભાગે તીવ્ર ગતિનાં કર્મફળ ભોગવવા માટે પૂર્વના કોઈ ઉચ્ચ કોટિના આત્માના જન્મ ગંડાત દોષમાં થતો હોય છે. આ દોષમાં જન્મનાર જાતકની લાયકાત, તેના સદ્ગુણ, આવડત વગેરે કોઈ જીવનના મહત્ત્વના પાસામાં કામ આવતું નથી. વિવાહિત જીવન, રોકાણ, આરોગ્ય, નોકરી-ધંધો, સંતાન વગેરે જીવનના મહત્ત્વના પાસામાંથી કોઈ એકનું સુખ મળતું નથી અને ઘણી વખત ગુના વગર સજા ભોગવતા હોય તેવો સતત અનુભવ કરાવે છે.

**તો પહેલું કારણ તો આ લગ્ન ગંડાત દોષે તેણીના જીવનમાં અયોગ્ય પાત્રના પ્રવેશ માટે દરવાજો ખુલ્યો!**

સાથે તેણીનો જન્મ આશ્લેષા નક્ષત્રના ત્રીજા ચરણમાં હોવાથી તેણીના કારણે કે કોઈ એવી ઘટનાના કારણે માતા-પિતાને અસહ્ય પીડાનો સામનો કરવો પડતો હોય છે. જાતક પોતે એવું ઈચ્છે નહીં છતાં માતા-પિતાને સહન કરવું પડે છે. માતા-પિતાને સામાજિક, કૌટુંબિક, આર્થિક, આરોગ્ય, માનસિક કે કોઈ પણ એવી સ્થિતિનું નિર્માણ થાય જેના કારણે ન કહેવાય કે ન સહેવાય. સ્થિતિમાંથી પસાર થવું પડતું હોય છે. અહીં સ્મૃતિએ એવું કંઈ જ કર્યું ન હતું. છતાં પરિવારને સહન કરવું પડ્યું. કારણકે લગ્ન ગંડાત અને નક્ષત્ર દોષના કારણે.

**તેણીનો અશુભ યોગ છે. ગુરુથી આઠમે ચંદ્રથી નિર્માણ પામતો શકટ યોગ, આ યોગ જાતકને મજબૂર કરી દે છે.** અહીં તેની લાયકાત, સફળતા, હોદ્દો, સંસ્કાર, શિક્ષણ, જ્ઞાન, પ્રતિષ્ઠા કે ઉચ્ચ ઘરણા સાથેનો સંબંધ વગેરે કંઈ જ કામ આવતાં નથી. જાતક ગમે તેટલી ઊંચાઈએ હોય કે પ્રતિષ્ઠિત હોય છતાં આ યોગ જાતકને ન ટાળી શકાય તેવી પીડાદાયક સ્થિતિમાં મૂકી દે છે.

**ઉપરોક્ત ત્રણે યોગ જાતકને ખરાબ ફળ અચૂક આપે છે.** ગંડાતમાં જન્મેલાના પૂર્વનાં કર્મો સારાં હોવાથી તેને સફળતાની તક તો મળે છે અને સફળતાના રસ્તા પર હોવા છતાં તેના જીવનમાં એવું કંઈ બને છે જેની પીડા સાફ દેખાતી હોય છે. મોટા ભાગે ગંડાતમાં જન્મનાર ચોક્કસ પ્રકારનાં કર્મફળ ભોગવવા જન્મતાં હોય છે.

**સ્મૃતિની કુંડલીમાં તે સાબિત થાય કે તેના ભાગ્યમાં બધું જ છે પણ તેનો આનંદ લેવામાં અવરોધ છે.** ખાસ કરીને અંગત જીવન કે વિવાહીત જીવન માટે તેણીની કુંડલી બરાબર નથી. તેણીની કુંડલીમાં ચારે કેન્દ્ર સ્થાનમાં ગ્રહો ચતુર-સાગર નામનો અતિશુભ રાજ યોગ કરે છે. માટે જ તેણી આટલી નાની ઉંમરમાં આટલી ઉંચ્ચાઈ પહોચી છે. તેના મીન લગ્નમાં શનિ-કેતુ-ચોથે મંગળ જો કે માંગલિક દોષ કરે છે. સાતમે બળવાન રાહુ જે પણ વિવાહ માટે શુભ નથી અને દસમે લગ્નેશ ગુરુ સ્વગ્રહી અને વક્રી આ ચારેય ગ્રહોના કારણે ચતુર સાગર યોગ બને છે. પણ પાપ-ગ્રહોનો પ્રભાવ વધુ હોવાથી અને મંગળ-રાહુ- શનિના કેન્દ્ર યોગના કારણે તે રમત-જગતમાં સફળ થઈ છે. કારણકે આ ગ્રહો જાતકને સંઘર્ષ અને પરિશ્રમ કરાવીને સફળતા કે વિજય અપાવે છે. **પણ આ ચારેય ગ્રહો વિવાહિત જીવન માટે બિલકુલ જ શુભ નથી. તેણીનો શુક્ર ત્રીજા સ્થાનમાં સ્વગ્રહી છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ત્રીજા સ્થાનનો શુક્ર લગ્ન કે વિવાહિત જીવન માટે શુભ માનવામાં આવતો નથી.**

આંતરજ્ઞાતિય લગ્ન કરાવે છે અને અચાનક જુદાં પાડે છે. વર્ષોના અનુભવમાં આવું ધ્યાનમાં આવ્યું પણ છે માટે જ શુક્રની મહાદશામાં અને શનિની અંતર દશા-શનિની ત્રીજી દૃષ્ટિ શુક્ર પર છે અને રાહુની પ્રતિ અંતર દશા રાહુની પણ નવમી દૃષ્ટિ શુક્ર પર છે. આ રાહુ સપ્ટેમ્બર-2025 થી માર્ચ 2026 સુધી તેણી માટે શુભ નહતો. ખાસ અંગત જીવન કે લગ્નજીવનમાં વિસ્ફોટક ઘટનાના યોગ કરતો હતો.

તેણીનો સાતમાનો માલિક બુધ, પાંચમે, પાંચમાના માલિક ચંદ્ર અને છઠ્ઠાના માલિક સૂર્ય સાથે સાફ બતાવે છે કે પ્રેમમાં નિષ્ફળતા મળે. પ્રેમના યોગ જરૂર બને છે. પણ પ્રેમ વિવાહના નહીં કારણકે જ્યારે સાતમાનો માલિક પાંચ, આઠ અને નવમા સ્થાનમાં હોય છે ત્યારે પૂર્વના તીવ્ર ઋણાનુબંધનવાળાં જાતક સાથે જીવન જીવવાનું બનતું હોય છે અને જો **બંનેના ગ્રહોનો યોગ બરાબર ન હોય તો આ લગ્નજીવન કે પ્રેમજીવન કે પ્રેમવિવાહ ભયાનક મુસીબતનું કારણ બનતાં હોય છે.**

ટૂંકમાં સ્મૃતિના જીવનમાં આવું નિષ્ફળ અને અપમાનિત પ્રેમ પ્રકરણ નિર્મિત હતું જ અને ભવિષ્યમાં પણ અંગત જીવન કે વિવાહિત જીવન માટે ગ્રહો શુભ સંકેત આપતા નથી. **પાંચ-સાત છના સંબંધના કારણે પિડાજતનક ઋણાનુબંધનવાળું પાત્ર જીવનમાં આવ્યું. અશુભ શુક્રે તરત જ વિઘ્ન પેદા કર્યું અને મંગળે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું.** આ પ્રથમ નજરે બનતી બળવાન કુંડલીમાં જો ગંડાત-શટ અને સાતમાનો માલિક પાંચ-નવમે હોય ત્યારે તેના ઉપાય કર્યા પછી જ વિવાહ વિશે વિચારવું જોઈએ.

# 2થી CA ફાઉન્ડેશનથી ફાઇનલ સુધીની પરીક્ષાનો પ્રારંભ થશે

**3 માર્ચથી** રજિસ્ટ્રેશન શરુ થશે, ગુજરાતના ૨૩ શહેરોમાં આયોજન

### સીએની પરીક્ષાનો કાર્યક્રમ

» 3 માર્ચથી રજિસ્ટ્રેશન શરુ થશે » 16 માર્ચ સુધી ફોર્મ ભરી શકાશે » 19 માર્ચ સુધી લેઇટ ફી સાથે ફોર્મ ભરી શકાશે » 2,4 અને 6 મેના રોજ ફાઇનલ ગ્રુપ 1ની પરીક્ષા » 8,10 અને 12 મેના રોજ ફાઇનલ ગ્રુપ 2ની પરીક્ષા » 3, 5 અને 7 મેના રોજ ઇન્ટરમીડિયેટ ગ્રુપ 1ની પરીક્ષા » 9, 11 અને 13 મેના રોજ ઇન્ટરમીડિયેટ ગ્રુપ 1ની પરીક્ષા » 14, 16, 18 અને 20 મે ફાઉન્ડેશનની પરીક્ષા યોજાશે

સુરત: ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) દ્વારા મે 2026 માં યોજાનારી સીએ ફાઉન્ડેશન, ઈન્ટરમિડિયેટ અને ફાઈનલ પરીક્ષાઓનો સત્તાવાર કાર્યક્રમ જાહેર થતાં જ સીએ વિદ્યાર્થીઓમાં તૈયારીનો માહોલ જોવા મળી રહ્યો છે. ICAI દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર સીએની તમામ પરીક્ષાઓ 2 મે થી 20 મે 2026 દરમિયાન યોજાશે. આ પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા 3 માર્ચ 2026 થી શરૂ થશે અને નિયમિત ફી સાથે 16 માર્ચ 2026 સુધી વિદ્યાર્થીઓ ફોર્મ ભરી શકશે. જો કોઈ કારણસર સમયમર્યાદા ચૂકી જાય તો 19 માર્ચ 2026 સુધી રૂ. 600 લેઈટ ફી સાથે રજિસ્ટ્રેશન કરવાની તક આપવામાં આવી છે. ફાઉન્ડેશન લેવલમાં પ્રવેશ કરેલા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા સીએ કારકિર્દીની પ્રથમ મહત્વપૂર્ણ કડી હોવાથી વિદ્યાર્થીઓમાં ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ICAI દ્વારા ગુજરાત રાજ્યમાં સુરત, અમદાવાદ, વડોદરા સહિત કુલ 23 શહેરોમાં સીએ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે, જેથી રાજ્યભરના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા સરળતા રહે. નોંધનીય બાબત એ છે કે રજિસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ ૨૦થી ૨૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન કરેક્શન વિન્ડો ખુલ્લી રહેશે, જેમાં વિદ્યાર્થીઓ પોતાનું પરીક્ષા શહેર અને માધ્યમ બદલવાની સુવિધાનો લાભ લઈ શકશે. ICAI દ્વારા વિદ્યાર્થીઓને જવાબ અંગ્રેજી સાથે હિન્દી ભાષામાં લખવાની પણ મંજૂરી આપવામાં આવી છે, જે અનેક વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ સાબિત થશે.

# રાજ્યમાં શીતલહરેની અસર, 72 કલાક સુધી ઠંડી વધશે

**નલિયા** અને અમરેલીમાં 11 ડિગ્રી ઠંડી

ગાંધીનગર: પૂર્વીય પવનની અસર હેઠળ રાજ્યમાં શીત લહેરની અસર જોવા મળી રહી છે. ખાસ કરીને કચ્છ અને અમરેલી શીત લહેર ચપેટમાં આવી ગયા છે. આજે રવિવારે કચ્છના નલિયામાં અને અમરેલીમાં 11 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ રાજ્યમાં ખાસ કરીને આગામી 72 કલાક સુધી ઠંડી વધશે. નલિયા-અમરેલી ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

રાજયમાં આજે રવિવારે ઠંડીનો ચમકારો વધ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સામાન્ય કરતાં સાવ નીચું તાપમાન નોંધાવવા પામ્યું છે. કચ્છમાં ઠંડી વધતા જનજીવનને અસર થવા પામી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં આગામી 72 કલાક દરમ્યાન 2થી 3 ડિગ્રી જેટલી ઠંડી વધશે. રાજ્યના વિવિધ શહેરોમાં ગરમીનો પારો સરેરાશ 30થી 32 ડિ.સે..ની આસપાસ રહ્યો હતો.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યના અન્ય શહેરો પૈકી ભૂજમાં 14 ડિ.સે.,નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ પર 16 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 14 ડિ.સે., અમરેલી ડિ.સે. 11 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 13 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 15 ડિ.સે., મહુવામાં 14 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 12 ડિ.સે., સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 14 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

# આજીવન કેદીનું સિવિલમાં ખભાના દુખાવાની સારવાર દરમિયાન મોત!

**દુખાવાની** સામાન્ય ફરિયાદ બાદ તબિયત બગડતાં મોત, ફોરેન્સિક પીએમથી ખુલશે સાચું કારણ

**લાજપોર** જેલમાં નવસારીના દુષ્કર્મ કેસમાં અંતિમ શ્વાસ સુધીની સજા ભોગવી રહ્યો હતો

### ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ ઉપર સૌની નજર

હવે સૌની નજર ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર ટકેલી છે. રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે કે આ મોત કુદરતી હતું કે સારવારમાં બેદરકારી કે અન્ય કોઈ કારણ જવાબદાર છે. ત્યાં સુધી લાજપોર જેલમાં બનેલી આ ઘટના જેલ વ્યવસ્થા અને કેદીઓની આરોગ્ય સુવિધાઓ અંગે ગંભીર ચર્ચા ઊભી કરી રહી છે.

### કેદીની તબિયત અંગેના તમામ રેકોર્ડની તપાસ કરવામાં આવશે

મોતની જાણ થતાં સચિન પોલીસે હોસ્પિટલ પહોંચી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા ઘટનાના તમામ પાસાઓ તપાસવામાં આવી રહ્યા છે. જેલમાંથી હોસ્પિટલ ખસેડવાની પ્રક્રિયા, સારવાર દરમિયાનની તબીબી નોંધો અને કેદીની તબિયત અંગેના તમામ રેકોર્ડની તપાસ કરવામાં આવશે. અધિકારીઓનું કહેવું છે કે ફોરેન્સિક પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ મોત અંગેની હકીકત સામે આવશે.

સુરત: સુરતની લાજપોર સેન્ટ્રલ જેલમાંથી સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા એક આજીવન કેદીનું મોત થતાં જેલ અને આરોગ્ય તંત્રની કામગીરી પર ફરી પ્રશ્નચિન્હ ઊભું થયું છે. ખંભાના દુખાવાની ફરિયાદ સાથે હોસ્પિટલમાં દાખલ કરાયેલા કેદીની તબિયત અચાનક બગડતા મોત થયું હોવાનું સામે આવ્યું છે. મૃતક કેદીનું આવતીકાલે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવશે, જેના રિપોર્ટ બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ નવસારી જિલ્લાના ધારી ગામનો રહેવાસી અને લાજપોર જેલમાં અંતિમ શ્વાસ સુધીની સજા ભોગવી રહેલો 30 વર્ષીય સદ્દામ હુસેન ઉર્ફે ઈરફાન અબ્દુલ અઝીઝ રાઈનીને ખંભામાં અસહ્ય દુખાવાની ફરિયાદ હતી. પ્રાથમિક રીતે જેલ તબીબ દ્વારા સારવાર આપવામાં આવી હતી, પરંતુ સ્થિતિમાં સુધારો ન થતા વધુ સારવાર માટે તેને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સારવાર દરમિયાન જ કેદીનું મોત થતાં સમગ્ર ઘટના ચર્ચાનું કેન્દ્ર બની ગઈ છે. ઉલ્લેખનીય છે કે મૃતક કેદી સદ્દામ હુસેન ઉર્ફે ઈરફાન અબ્દુલ અઝીઝ રાઈની સામે વર્ષ 2021માં નવસારીમાં નોંધાયેલા ગંભીર ગુનાનો કેસ હતો. દશેરા ટેકરી વિસ્તારમાં રહેતા પરિવારની 12 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જવાનો આરોપ તેના પર લાગ્યો હતો. માતાની ફરિયાદના આધારે નવસારી રૂરલ પોલીસે 18 દિવસ બાદ આરોપી અને સગીરાને ઉત્તર પ્રદેશમાંથી શોધી કાઢ્યા હતા. કોર્ટ દ્વારા કેસની સુનાવણી બાદ આરોપીને દોષિત ઠેરવી અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારવામાં આવી હતી, ત્યારબાદ તે લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો હતો. આવી પૃષ્ઠભૂમિ ધરાવતા કેદીના અચાનક થયેલા મોતે અનેક શંકાઓને જન્મ આપ્યો છે.

# ગુજરાત ભાજપના દિગ્ગજ નેતાઓ દિલ્હી પહોંચ્યા

**સંગઠનની** નવી ટીમની જાહેરાતની સંભાવના

ગાંધીનગર: સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે.સીએમ હર્ષ સંઘવી, ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને ભાજપના પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર પણ ગત મોડી રાતના ભાજપના દિલ્હી દરબારમાં પહોંચ્યા છે.

આજે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ સાથે મહત્ત્વની બેઠક થવાની છે. જેના પગલે ગુજરાત ભાજરના સંગઠનની નવી ટીમને લઈને મોટી જાહેરાત થાય તેવી શક્યતા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનને લઈને મહત્ત્વના સમાચાર આવી શકે છે. ટૂંક સમયમાં પ્રદેશ ભાજપનું સંગઠનની જાહેરાત થઈ શકે છે. આજ સપ્તાહમાં ભાજપ સંગઠનનું પ્રદેશ માળખું જાહેર થાય તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે.

ભાજપ સંગઠનની પ્રદેશ માળખાની નિયુક્તિઓમાં 4 પ્રદેશ મહામંત્રી, 6થી 8 પ્રદેશ ઉપાધ્યક્ષ, 8થી 10 પ્રદેશ મંત્રી, 1 ખજાનચી સહિત 20થી 25 હોદેદારની પ્રદેશ ટીમની જાહેરાત થઈ શકે છે. પ્રદેશ ભાજપના 7 મોરચાના પ્રદેશ પ્રમુખોના નામો પણ જાહેર થશે.

# કલોલ સ્ટેશન પર 4 ટ્રેન માટે વધારાના સ્ટોપેજ

**લાંબા** સમયની માંગણીને લઈ પશ્ચિમ રેલવેનો નિર્ણય

સુરત: મુસાફરો તરફથી લાંબા સમયથી રાહ જોવાતી માંગણીને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટીતંત્રએ વલસાડ-વડનગર એક્સપ્રેસ, દિલ્હી સરાય રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ, જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ અને મુઝફ્ફરપુર-સાબરમતી એક્સપ્રેસ માટે ટ્રાયલ ધોરણે કલોલ સ્ટેશન પર વધારાના સ્ટોપેજ આપવાનો નિર્ણય લીધો છે.

૧. વલસાડ-વડનગર-વલસાડ સુપરફાસ્ટ એક્સપ્રેસ

ટ્રેન નં. ૨૦૯૫૯ વલસાડ-વડનગર એક્સપ્રેસ 16 ડિસેમ્બર, 2025થી સવારે ૧૧:૩૭ વાગ્યે કલોલ સ્ટેશન પર આવશે અને સવારે ૧૧:૩૯ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૨૦૯૬૦ વડનગર-વલસાડ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ થી સાંજે ૬:૧૫ વાગ્યે કલોલ સ્ટેશન પર આવશે અને સાંજે ૬:૧૭ વાગ્યે ઉપડશે.

૨. દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૨૨૧૫ દિલ્હી સરાઈ રોહિલ્લા-બાંદ્રા ટર્મિનસ ગરીબ રથ એક્સપ્રેસ કલોલ સ્ટેશન પર ૨૨:૪૧ વાગ્યે પહોંચશે અને ઉપડશે. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫થી ૨૨:૪૩ કલાકે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૨૨૧૬ બાંદ્રા ટર્મિનસ-દિલ્હી સરાઈ રોહિલ્લા ગરીબ રથ એક્સપ્રેસ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૨૦:૧૧ કલાકે પહોંચશે અને ૨૦:૧૩ કલાકે ઉપડશે.

૩. જોધપુર-કેએસઆર બેંગલુરુ દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૬૫૦૭ જોધપુર-કેએસઆર બેંગલુરુ એક્સપ્રેસ ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૧૧:૫૫ કલાકે પહોંચશે અને ૧૧:૫૭ કલાકે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૬૫૦૮ કેએસઆર બેંગલુરુ-જોધપુર એક્સપ્રેસ ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫થી કાલોલ સ્ટેશન પર ૦૬:૧૯ કલાકે પહોંચશે અને ૦૬:૨૧ કલાકે ઉપડશે.

૪. મુઝફ્ફરપુર-સાબરમતી સાપ્તાહિક જનસાધારણ એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૫૨૬૯ મુઝફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૦૫:૫૩ વાગ્યે પહોંચશે અને ૦૫:૫૫ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૧૫૨૭૦ સાબરમતી-મુઝફ્ફરપુર જનસાધારણ એક્સપ્રેસ ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫થી કલોલ સ્ટેશન પર ૧૮:૨૮ વાગ્યે પહોંચશે અને ૧૮:૩૦ વાગ્યે ઉપડશે.

# ભટારમાં જૂની અદાવતમાં વાહનો સળગાવ્યા હતા

**ત્રણેય** આરોપી પંપ પરથી પેટ્રોલ ખરીદતી વખતે કેમેરામાં કેદ થઇ ગયા હતા

સુરત: સુરત: ભટાર બ્રેડ લાઇનર સર્કલ પાસે મધરાતે અજાણ્યાઓ વાહનોમાં આગ ચાંપીને ફરાર થઇ ગયા હતા. આ કેસમાં પોલીસે કેમેરાની મદદથી ત્રણ આરોપીને ઝડપી લીધા હતા. તેમણે જૂની અદાવતનો બદલો લેવા આ કૃત્ય કર્યું હતું.

પોલીસ પાસેથી મળતી માહિતી અનુસારભટાર બ્રેડ લાઇનર સર્કલ પાસે ઠાકોરદીપ સોસાયટીમાં રહેતા અનિલ બાલુભાઇ રાઠોડ રિક્ષાચાલક છે. તેમણે કરેલી ફરિયાદ મુજબ તા.૦૭/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના ૦૨.૧૫ થી ૦૨.૪૫ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઇ અજાણ્યો તેમની સોસાયટીમાં પ્રવેશ્યો હતો. તેણે ઘર નં. ૪૪ પાસે પાર્ક કરેલી એક્ટીવા સ્કૂટર (રજી.નં. GJ-05-TY-3913)ને આગ ચાંપી દીધી હતી. ત્યારબાદ તેણે એક્સેસ મોપેડને આગ લગાવી હતી. વાત આટલેથી અટકી ન હતી તેણે અહીં આઉટડોર એસી પણ સળગાવી દીધું હતું. આ ઘટનાની જાણ થતાં આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે કોઇ જાનહાનિ થઈ નહોતી. આ કેસમાં પોલીસે તમામ આરોપીને ઝડપી લીધા છે. કેમેરાની તપાસમાં ઘટના પૂર્વે આરોપીઓ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ખરીદતા હોવાનું સ્પષ્ટ રીતે નજરે પડ્યું હતું. આ આધાર પર ટેકનિકલ સર્વેલન્સ સાથે પોલીસે શંકાસ્પદોને ટ્રેસ કરી ગણતરીના દિવસોમાં જ ત્રણેયને ઝડપી લીધા હતા.પકડાયેલા આરોપીઓમાં કુણાલ બાબુરાવ સાળુકે (ઉ.વ. 24, રહે. ગોઘામણે), યશ સુરજપ્રસાદ પટેલ (ઉ.વ. 25, રહે. હવાડીયા ચકલા) અને રાહુલ દિલીપ ચૌહાણ (ઉ.વ. 28, રહે. અઠવા)નો સમાવેશ થાય છે.

# અમદાવાદ- તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે

**ચેન્નાઇ** એગ્મોર સ્ટેશને પુનર્વિકાસ કામગીરીને કારણે રૂટ બદલાયો

સુરત: દક્ષિણ રેલવે પર ચેન્નાઈ એગ્મોર (RUS) સ્ટેશન પર પ્લેટફોર્મ 5 અને 6 પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યને કારણે, 60 દિવસનો બ્લોક લાદવામાં આવ્યો છે, જેના પરિણામે અમદાવાદ-તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે.

ટ્રેન નંબર 09419 અમદાવાદ-તિરુચિરાપલ્લી વીકલી સ્પેશિયલ ટ્રેન 18 ડિસેમ્બર, 2025 થી 29 જાન્યુઆરી, 2026 સુધી રેનિગુંટા-અરક્કોનમ નોર્થ કેબિન-મેલાપક્કમ-કટપડી-વેલ્લોર કેન્ટ-વિલ્લુપુરમ થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ સમયગાળા દરમિયાન ટ્રેન અરક્કોનમ, પેરામ્બુર, ચેન્નાઈ એગ્મોર, તાંબરમ અને ચેંગલપટ્ટુ સ્ટેશનો પર દોડશે નહીં.ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરુચિરાપલ્લી-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ 21 ડિસેમ્બર 2025થી 02 ફેબ્રુઆરી 2026 સુધી વેલ્લોર કેન્ટ-કટપડી-મેલાપક્કમ-અરક્કોનમ નોર્થ કેબિન-રેનીગુંટા થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. આ સમયગાળા દરમિયાન, ટ્રેન ચેંગલપટ્ટુ-તંબરમ અને ચેન્નાઈ એગ્મોર, પેરામ્બુર, અરાક્કોનમ સ્ટેશનો પર કૉલ કરશે નહીં.ડાયવર્ટ કરેલા રૂટ દરમિયાન, ટ્રેન તિરુત્તાની સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ રાખશે.

**અનુસંધાન** ... પાના પહેલાનું

### શેખ હસીનાના નિવેદનો...

આગામી સંસદીય ચૂંટણીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેના પર ભાર મૂક્યો છે. બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ઢાકામાં ભારતીય રાજદૂત પ્રણય વર્માને બોલાવ્યા અને ભારતીય ભૂમિ પરથી ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના ઉશ્કેરણીજનક નિવેદનો પર તેની ચિંતા વ્યક્ત કર્યાના કલાકો પછી ભારતની પ્રતિક્રિયા આવી છે.

### ઇસરો માર્ચ 2026...

અવકાશ ઉડાન ગગનયાનના પ્રથમ ક્રૂ વગરના મિશનને લઈને આસમાનમાં ઉડાન ભરશે, જેમાં ક્રૂ મોડ્યુલ પર એક રોબોટ 'વ્યોમિત્ર' સવાર હશે. ઈસરો દ્વારા 2027માં ભારતીય અવકાશયાત્રીઓને નીચી પૃથ્વી ભ્રમણકક્ષામાં મોકલે તે પહેલાં આવતા વર્ષના અંતમાં વધુ એક ક્રૂ વગરનું મિશનનું આયોજન કરવામાં આવ્યું છે. સિંહે જણાવ્યું હતું કે, ''ગગનયાનનું પ્રથમ ક્રૂ વગરનું મિશન, જે એન્ડ-ટુ-એન્ડ મિશનનું પ્રદર્શન કરશે, જેમાં માનવ રેટેડ લોન્ચ વ્હીકલનું એરોડાયનેમિક્સ લાક્ષણિકતા, ઓર્બિટલ મોડ્યુલનું મિશન ઓપરેશન, ક્રૂ મોડ્યુલની પુનઃપ્રવેશ અને પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે.''

### ભાજપ નેતા સુવેન્દુએ...

કોલકાતામાં મેસ્સીની ફૂટબોલ ઇવેન્ટને નુકસાન પહોંચાડનાર સ્ટેડિયમ અંધાધૂંધીની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચનાની જાહેરાત કરી હતી. વિપક્ષના નેતાએ રાજ્યના મંત્રીઓ સુજીત બોઝ અને અરૂપ બિશ્વાસ પર ગેરવહીવટનો આરોપ લગાવીને તેમની ધરપકડ કરવાની પણ માંગ કરી હતી અને દર્શકો દ્વારા ચૂકવવામાં આવેલાં ટિકિટનાં નાણાં પરત કરવાની માંગ કરી હતી.

### યુક્રેશ શાંતિ...

યુરોપિયન નેતાઓ સાથે અલગથી મુલાકાત કરશે. તેમણે કહ્યું કે શાંતિ યોજના પર યુક્રેનના નવીનતમ પ્રસ્તાવો પર તેમને હજુ સુધી અમેરિકા તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી. દરમ્યાન, બાદમાં આવેલા અહેવાલ મુજબ યુક્રેનિયન પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ રવિવારે પશ્ચિમી સુરક્ષા ગેરંટીના બદલામાં નાટોમાં જોડાવાની તેમના દેશની માગણી છોડી દેવાની તૈયારી વ્યક્ત કરી હતી, પરંતુ રશિયાને પ્રદેશ સોંપવાના અમેરિકાના દબાણને નકારી કાઢ્યું હતું.

### બોન્ડી બીચ...

વેલ્સ પોલીસે પાછળથી પુષ્ટિ કરી કે ઘટનાસ્થળે 12 લોકો માર્યા ગયા હતા, જેમાં એક હુમલાખોરનો પણ સમાવેશ થાય છે, જ્યારે બીજા શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે અને તે કસ્ટડીમાં છે. પોલીસે જણાવ્યું હતું કે, બન્ને બંદૂકધારીઓને ઠાર કરવામાં આવ્યા છે અને ઓપરેશન દરમિયાન એક રાઈફલ મળી આવી છે.

### સિડનીમાં હુમલાખોરને...

બહાદૂરી કેમેરામાં કેદ થઈ ગઈ હતી, જેનો વીડિયો હવે વાયરલ થયો છે. 15 સેકન્ડના આ વીડિયોમાં પાર્ક કરેલી કાર પાછળ છુપાયેલા નિઃશસ્ત્ર માણસને બતાવવામાં આવ્યો છે. તે પાછળથી બંદૂકધારીઓ તરફ દોડે છે, તેને ગરદનથી પકડી લે છે અને તેની રાઈફલ છીનવી લે છે. તે માણસ તેની બંદૂક છીનવીને તેને જ તાકે છે ત્યારે બંદૂકધારી જમીન પર પડી જાય છે.

### લિયોનલ મેસીના...

દત્તાને ત્યાં લઈ જવામાં આવ્યો ત્યારે ભાજપના સમર્થકોએ કોર્ટની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

દરમ્યાન, આર્જેન્ટિનાના ફૂટબોલ આઈકોન લિયોનેલ મેસ્સીના કાર્યક્રમ દરમિયાન દર્શકોએ સોલ્ટ લેક સ્ટેડિયમમાં તોડફોડ કરી તેના બીજા દિવસે આજે, તપાસ સમિતિના સભ્યોએ ઘટના સ્થળની મુલાકાત લીધી અને નુકસાનનો ક્યાસ કાઢ્યો હતો. ત્રણ સભ્યોની ટીમે ભારતના સૌથી મોટા ફૂટબોલ મેદાનોમાંના એકના સ્ટેડિયમના તેમના ઓન-ગ્રાઉન્ડ નિરીક્ષણ દરમિયાન તૂટેલી પ્લાસ્ટિક ખુરશીઓ, વાંકા વળી ગયેલા મેટલ બેરિકેડ અને કચરો વિખેરાયેલો પડેલો હતો તે ગેલેરીઓની તપાસ કરી હતી એમ તેઓએ જણાવ્યું હતું. કોલકાતા હાઈકોર્ટના નિવૃત ન્યાયાધીશ જસ્ટિસ આશીમ કુમાર રેના નેતૃત્વમાં, સમિતિના સભ્યોએ સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. બીજી બાજુ, સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના ફૂટબોલ આઈકોન લિયોનેલ મેસ્સીના કાર્યક્રમ દરમિયાન થયેલી અંધાધૂંધીના એક દિવસ પછી, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે રવિવારે સ્થળનું નિરીક્ષણ કરવા માટે મુલાકાત લીધી હતી અને જ્યુડિશયલ તપાસની હાકલ કરી હતી. બોઝે ભવિષ્યમાં આવા કાર્યક્રમોના સંચાલન માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) ઘડવા પણ સરકારને વિનંતી કરી હતી.